રજૂ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૭/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૬/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૦૮.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૭૦/૨૦૨૬.**

**અરજદાર :–** **સાહીલ પરષોત્તમ મકવાણા,**
રહેવાસી : આવેજી હોટલ, ચલથાણ,
તાલુકો : પલસાણા, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી સી. બી. દેસાઇ.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, કડોદરા જી.આઇ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૦૫૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૬), ૩(૫) તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે.

અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી સી. બી. દેસાઈની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૬), ૩(૫) તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલ નથી. ફરિયાદમાં અરજદારનું પૂરૂં નામ જણાવવામાં આવેલ નથી, વર્ણન જણાવવામાં આવેલ નથી. ફરિયાદ જોતાં ફરિયાદી હાલના અરજદારને અગાઉથી ઓળખતા હતા તેવું જણાઈ આવતું નથી અને તેઓએ ફકત અરજદારનું નામ જણાવેલ હોવાથી તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. ફરિયાદ પાંચ દિવસ મોડી આપવામાં આવેલ છે, જેનો કોઈ વાજબી ખુલાસો જણાઈ આવતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર નોકરી કરે છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૦૯(૬), ૩(૫) તથા ગુજરાત પોલિસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર તથા સહઆરોપીઓએ ભેગા મળી, ફરિયાદીને ચપ્પુ બતાવી, ફરિયાદીને ઢીકમુક્કીનો માર મારેલ,

નાલાયક ગાળો આપેલ અને રોકડ રકમ, આધાર કાર્ડ વિગેરેની લૂંટ કરેલ અને ધમકી આપેલ. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૯(૬), ૩(૫) તથા ગુજરાત પોલિસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર સામેનો આક્ષેપ જોઇએ તો, ફરિયાદી જયારે જોળવા ખાતે નહેરવાળા રસ્તે પાનના ગલ્લા પાસે બીડી પીતા હતા ત્યારે અરજદાર તથા સહઆરોપીઓએ મોટરસાઇકલ ઉપર આવેલા અને આરોપીઓએ ફરિયાદીને પકડી નાલાયક ગાળો આપેલ, હાથથી માર મારેલ, અરજદારે ચપ્પુ બતાવી ફરિયાદીના પેન્ટના ખિસ્સામાંથી પાકિટ કાઢી લીધેલ. અરજદારે પોતાની પાસેથી ચારપુડીયા જબરજસ્તીથી ફરિયાદીના પેન્ટના ખિસ્સામાં મૂકી મોબાઇલ ફોન ચાલુ કરી ફરિયાદીને પુડીયા કાઢવાનું કહેતાં ફરિયાદીએ ખિસ્સામાંથી પુડીયા બહાર કાઢી અરજદારને આપેલ અને આ અંગે અરજદારે મોબાઇલમાં રેકોર્ડિંગ કરેલ અને ધમકી આપી આરોપીઓ ભાગી ગયેલા. આમ, હાલના અરજદારે સહઆરોપીઓ સાથે મળી ફરિયાદીને ચપ્પુ બતાવી ગાળો આપેલ, માર મારેલ, ફરિયાદીના પાકિટની લૂંટ કરેલ તથા ધમકી આપેલ હોવાનું જણાઇ આવે છે. અરજદારે ફરિયાદીને ચપ્પુ વડે ઇજા પહોંચાડી હોય તેમ જણાઇ આવતું નથી. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે

તેમ પણ જણાઈ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને આરોપી સામેની ટ્રાયલ ચાલી આખરી નિકાલ આવતાં સમય જાય તેમ છે. અરજદાર સામે અન્ય એક ગુનો નોંધાયેલ હોવાની હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઈ આવે છે, પરંતુ અરજદારને સખ્ત શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. અરજદાર તારીખ : ૨૨/૦૧/૨૦૨૬ ના રોજથી જયુડિશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર ગુજરાત રાજયના મૂળ વતની છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઈ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઈ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઈ., ૨૦૧૨ ક્રિમિનલ લૉ જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી સાહીલ પરષોત્તમ મકવાણાની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૭૦/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) કડોદરા જી.આઈ.ડી.સી. પોલિસ સ્ટેશન પાર્ટ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૨૩૨૬૦૦૫૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૯(૬), ૩(૫) તથા ગુજરાત પોલિસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે આરોપી રૂા.૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–:: શ ર તો ::–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર સમક્ષ તથા વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઈ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી ૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૬ ઠ્ઠી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૬/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594